# ગાંધીનગર તાલુકાના ૧૬ તલાટીઓનો ખુલાસો મંગાયો

## પૂર્વ મંજૂરી વિના સમીક્ષા બેઠકમાં ગેરહાજર : ખુલાસો માંગવામાં આવાતં તંત્રમાં સન્નાટા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના ૧૬ જેટલા તલાટી તાલુકા વિકાસ અધિકારી દ્વારા બોલાવાયેલ બેઠકમાં પૂર્વમંજૂરી વગર ગેરહાજર રહેતાં આ તલાટીઓનો ખુલાસો માંગવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માસના પ્રથમ અને ત્રીજા ગુરૂવારે તાલુકા વિકાસ અધિકારી દ્વારા સમીક્ષા બેઠક યોજાશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ દિવાળી પછી પ્રથમ ગુરૂવારની સમીક્ષા બેઠકમાં ૧૬ જેટલા તલાટી કમ મંત્રીઓની ગેરહાજરી જણાતાં આ ખુલાસો માંગવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયને પગલે તલાટી સંવર્ગમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. તેમજ પંચાયત વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

ગાંધીનગર તાલુકામાં એક સાથે ૧૬ તલાટીઓ પાસે ખુલાસો માંગવામાં આવતાં જ તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.



## ન્યુ ગાંધીનગરમાં યોજાઈ રંગોળી સ્પર્ધા

દિપાવલીનું પર્વ એ કાંઈ એક દિવસનું પર્વ હોતું નથી. જયાં સુધી દરેક સ્નેહીજનો એકબીજાના ઘરે જઈ શુભેચ્છાઓની આપ લે કરવા ઉપરાંત નાસ્તા-ભોજનની જયાફતના ઉડાવે ત્યાં સુધી આ પર્વ ચાલે છે. વળી, દિપાવલીના પર્વે તથા નૂતન વર્ષને આવકારવા રંગોળી કરવામાં આવે છે. રંગોળી એ મનમોહક ઘરગથ્થુ કળા છે જે ખાસ કરીને લગભગ દરેક ગૃહિણીને સ્વાભાવિક રીતે જ આવડતી હોય છે. જો કે અનેક પુરુષો પણ રંગોળીના ખુબ શોખીન હોય છે. અમદાવાદની અમાની ગૃપ કંપની દ્વારા સોસાયટી એકિટવીટીના ભાગરૂપે ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વાગત રેઈન ફોરેસ્ટ સોસાયટી ખાતે દેવદિવાળીના દિવસે રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી. આ રંગોળી સ્પર્ધામાં સોસાયટીના રહીશોએ ભાગ લઈ એકથી એક ચઢિયાથી મનમોહક અને નયનરમ્ય રંગોળીઓ બનાવી આયોજકોને દિગ્મૂઢ કરી દીધા હતા.

# ઓટો સેકટર મંદીની ઝપટમાં : કારના વેચાણ માટે ઈન્કવાયરી પણ આવતી નથી

ગાંધીનગર તા ૧૬

મોટી ચલણી નોટો રદ થતા બજારમાં મંદીનુ મોજુ પ્રવર્તયુ છે. સેકટરોના શોપિંગમાં પણ કોઇ ખાસ ચહલ પહલ જોવા મળતી નથી. જયારે ઓટો માર્કેટમાં પણ મંદીએ અજગર ભરડો લીધો છે. ઓટોમોબાઇલ્સમાં પણ નવી કારનુ વેચાણ સાવ ઠપ્પ થઇ ગયુ છે. દેવ દિવાળી જેવા તહેવારમાં સામાન્ય રીતે કાર માટે વેઇટીંગ યાદી તૈયાર થતી હોય છે. જેના ઠેકાણે હાલ કેશ ડીલીવરી લેવા પણ કોઇ તૈયાર નથી.

**દેવદિવાળી જેવા તહેવારમાં કાર માટે વેઇટીંગના સમયે ડીલરો ત્વરિત ડિલીવરી આપવા તૈયાર**

રૂ ૫૦૦ અને હજારની ચલણી નોટો બંધ થતા આમ નાગરિકોનો આર્થિક વ્યવ્હાર ખોરવાઇ ગયો છે. નાગરિકો હજુ સપ્તાહના અંતે પણ છુટા પૈસા લેવા માટે કતારમાં ખડા થયેલા જોવા મળે છે. બેંકો પર ભીડ ઓછી થતી જ નથી. રોજ સવાર પડતા જ બેંકીંગ વિસ્તારમાં જ ચહલ પહલ જોવા મળે છે. જયારે શહેરના શોપિંગ બજારમાં વેપારીઓ પણ મંદીનો ભોગ બન્યા હોવાનો રોષ ઠાલવી રહયા છે. નોટો રદ થવાનો નિર્ણય જાહેર થયા બાદ મોડીરાત સુધી જવેલરી બજારમાં સોનુ ખરીદવા માટે ભીડ ઉમટી હતી. જયારે આજે સોની બજારમાં પણ સન્નાટો જોવા મળે છે.રોજિંદા ઉપયોગની ચીજવસ્તુઓ માટે રોકડ બદલાવવા માટે બેંકોની કતારમાં ઉભેલા આમ નાગરિકોનો મોટાભાગનો સમય બેંકમાં જ વીતી જાય છે. જયારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયની ખરીદીના ટ્રેન્ડ પર જાણે બ્રેક વાગી ગયો છે. આવા સંજોગોમાં મોજશોખની ચીજવસ્તુઓ પણ હાલ પુરતી સાઇડ ટ્રેક થઇ ગઇ છે.

મધ્યમવર્ગ માટે હાલાકી વધતા મુશ્કેલીઓ વધી છે. આવા સંજોગોમાં જવેલરી બજાર સિવાય ઓટો સેકટરમાં પણ મંદીનુ મોજુ ફરી વળ્યુ છે. શહેરના ઓટોમોબાઇલ્સ બિઝનેસ પણ પ્રભાવિત થયો છે. દેવદિવાળીના તહેવારના દિવસોમાં કાર બુકીંગ નોંધપાત્ર રહે છે.પરંતુ આ વર્ષે નોટો રદ થયા બાદ પ્રભાવિત આર્થિક વ્યવ્હારના પગલે ઓટો બજાર પણ બેહાલ જોવા મળી રહયુ છે. શહેરના ઓટો શો રૂમમાં પણ સન્નાટો જોવા મળી રહયો છે. નવી કારની ડિલીવરી માટે વેઇટીંગ તો દુરની વાત પણ તુરંત જ ડિલીવરી આપવા તૈયાર ડીલરો પાસે ગ્રાહકોની વિશેષ ઇન્કવાયરી પણ આવતી નથી.

# સ્ટેમ્પ વેન્ડરો દ્વારા મોટી સંખ્યામાં સ્ટેમ્પસની ખરીદીથી તંત્ર હરકતમાં..!

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના સ્ટેમ્પ વેન્ડરો દ્વારા મોટી સંખ્યામાં સ્ટેમ્પસ જુની નોટ્સથી ખરીદી લીધા હોવાની ચોંકાવનારી હકીકતે જિલ્લાના પ્રાંત અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાની વાત ચર્ચાઈ રહી છે.

બિનસત્તાવાર સૂત્રઓમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની સ્ટેમ્પ વેન્ડરો દ્વારા જે સ્ટેમ્પની ખરીદી સરેરાશ થતી હતી તેના કરતાં બે થી ત્રણ ગણી ખરીદી જુની નોટ્સ દ્વારા કરી લીધી છે.

આ અંગેની હકીકતોથી જિલ્લા તંત્ર હરકતમાં આવ્યુ છે અને પ્રાંત અધિકારીને આ અંગેની તપાસ કરી રિપોર્ટ આપવા જિલ્લા કલેક્ટરને સૂચનાઓ આપી હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડરો દ્વારા મોટી સંખ્યામાં સ્ટેમ્પસ ખરીદવાની હકીકતોનો અહેવાલ જોઈ સરકાર પણ ચોંકી ઉઠી હોવાનું જાણવા મળેલ છે.

જો કે છેલ્લા ઘણા સમયથી શહેર અને જિલ્લામાં દસ્તાવેજોની નોંધણી શહેર અને જિલ્લામાં દસ્તાવેજોની નોંધણી પણ ોછી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ સ્ટેમ્પસની અછત અને ખર્ચેચને પહોંચી વળવા ફ્રેન્કીંગ મશીનનો ઉપયોગ પણ શરૂ કરાયો છે પરંતુ નોટ્સ રદ થવાના નિર્ણયને પગલે સ્ટેમ્પ વેન્ડરો દ્વારા મોટી ખરીદીએ તંત્રને હચમચાવ્યુ છે.

# નોટબંધીના પગલે દર્દીઓને સ્ટેબીલાઈઝ કરી સારવાર અપાશે

ગાંધીનગર, તા. ૧૬

કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાના કારણે રાજ્યમાં આવેલ હોસ્પિટલો ખાતે સારવાર લેવા આવતા દર્દીઓને મુશ્કેલીઓ પડી રહી છે. તેવા સંજોગોમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી પગલાં લેવાયા છે.

તમામ હોસ્પિટલોએ દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવી. જેઓ પાસે કોઈપણ પ્રકારના કાર્ડ છે તેઓના કાર્ડ સ્વિકારવામાં બંધન નથી. તે પ્રમાણે સારવાર ચાલુ રાખવી. ચેક, આર.ટી.જી.એસ. પણ સ્વીકાર્ય રાખી સારવાર કરવી. લાભાર્થી પાસે રોકડ રકમની માંગણી કરવામાં આવે અને તેની પાસે ન હોય તો પણ તેને સ્ટેબીલાઈઝ કરી યોગ્ય સારવાર મળે તેવી વ્યવસ્થા કરવી. હાલના સંજોગોમાં રોકડમાં એડવાન્સ ન માંગવાનો માનવતાભર્યો અભિગમ અપનાવી સારવાર આપવી, તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# બંધ ચલણી નોટોનુ ગેરકાયદેસર વટાવ સજાપાત્ર ગુન્હો : એડવોકેટ અશ્વિન ત્રિવેદી

ગાંધીનગર તા ૧૬

બંધ ચલણી નોટો વટાવવી એ આર બી આઈ એકટ ૧૯૩૭ની કલમ ૫૯ (બી) અન્વયે ગુન્હો બને છે. જયારે આ ગુન્હા બદલ ત્રણ વર્ષની જેલની સજા જોગવાઇ પણ છે. તેમ અગ્રણી વકીલ અશ્વિન ત્રિવેદીએ જણાંવ્યુ છે. તેમના જણાંવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા નાણાંની વિમુદ્રીકરણ યોજના અન્વયે જુની ૫૦૦ અને હજારની નોટોનુ ટેન્ડર રદ કરી સરકારે જાહેર કરેલી એજન્સી કે તંત્ર સિવાય નોટોની અદલાબદલી ન કરવા જણાંવ્યુ છે. ગેરકાયદેસર રીતે નોટોનુ વિનિમય કરી શકે નહીં. જયારે આવા કિસ્સામાં દંડની પણ જોગવાઇ છે. કોઇપણ વ્યક્તિ ,વેપારી સંસ્થા જવેલર્સ અન્ય કોઇ રીતે આ પ્રકારે નોટોથી વ્યવ્હાર કરતા ઝડપાય તો પોલીસ તંત્ર દ્વારા એફ આર આઇ દાખલ કરી આઇ ટી એકટ તથા આર બી આઇ એક્ટની જોગવાઇ મુજબ ગન્હો દાખલ કરી મુદ્દામાલ સાથે ધરપકડ થઇ શકે છે. સરકારે નક્કી કરેલા વિનિમય ક્ષેત્રમાં જ જુની નોટોનુ વિનિમય હોસ્પિટલ પેટ્રોલપંપ તેમજ સરકારી ચલણ અને લાઇટ બીલ તેમજ ટેક્ષ સહીતના ચુકવણા માટે આગામી તા ૨૪ નવેમ્બર સુધી છુટછાટ આપવામાં આવી છે. આવા સંજોગોમાં નોટોની ગેરકાયદેસર રીતે અદલાબદલી કરી ખરીદી કરવી એ ગુનો બને છે. જયારે આર બી આઇ એક્ટ હેઠળ સજાપાત્ર ગુન્હો બને છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જ્યોતિષ મહારાજ... તમારી ગમે તેવા પ્રોબ્લેમ એક કલાકમાં સોલ્વ કરવાની જાહેરાત વાંચીને આવ્યો છું... મારી આટલી જુની નોટો બેંકમાં જઈને કલાકમાં બદલી આપો ને...??

# નોટબંધી બાદ પ્રજા કુપોષણનો ભોગ બની : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા.૧૬

વડાપ્રધાને ઉત્તરપ્રદેશની ચૂંટણી માટે સસ્તી લોકપ્રિયતા મેળવવા ૫૦૦-૧૦૦૦ની નોટબંધી કરી તૈયારીમાં સદંતર કચાશ રાખતા કાળા ધનની આ યોજનામાં પ્રિમેચ્યોર ડીલીવરી કરી થઈ છે. જેમાં એક અઠવાડીયાથી લાઈનમાં ઉભી રહેલી દેશની જનતાને કોઈ અનમેચ્યોર બાળકની જેમ કુપોષણનો ભોગ બનાવાનો વારો આવ્યો હોવાનું જણાવતાં કોંગ્રેસ પક્ષ પ્રવક્તા ડૉ. હિંમાશુ પટેલે આ યોજનામાં હવે આંગણી ઉપર શાહી લગાવવાના નિર્ણયને મોદી સરકાર માટે કાળા કલંકરૂપ ગણાવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાને ઉત્તરપ્રદેશનો જંગ જીતવા માટે ૫૦૦-૧૦૦૦ની નોટ રદ કરી કાળું ધન બહાર લાવવા પોકળ યોજના કરી છે. તેમાં શાહીનાં ઉપયોગનો નિર્ણય કલંકરૂપ છે. મોદી સરકારે બેકીંગ વ્યવહાર, ૧૦૦ની નોટ સહિત છુટા પૈસા વગેરેની પુરતી તૈયારી વિના ધાંધાપણામાં નિર્ણય લઈને પ્રજાને હાલાકીમાં મૂકી દીધી છે. આ પછી ઊડતા પીએમ તો જાપાન જઈ આવ્યા પણ હવે નાણાં વિભાગ પાસે રોજબરોજ નવા નવા નિર્ણયો લેવડાવી વડાપ્રધાન પોતાની અસક્ષમતા અને નિષ્ફળતા ઢાંકવાનો નિર્લજ્જ પ્રયાસ કરી રહ્યા છે. કારણે કે જે, વડાપ્રધાને ચાર ભાઈઓ હોવા છતાં પોતાની ૯૩ વર્ષીય માતાને છુટ્ટા રૂપિયા મેળવવા લાઈનમાં ઊભા રહેવા જવું પડે તે કેટલી બધી શરમજનક રાજનિતી છે. આ રાજનીતિમાં ગુજરાતનાં મુખ્યમંત્રી, ડેપ્યુટી મુખ્યમંત્રી, ભાજપ સરકાર, ભાજપનાં પ્રદેશ પ્રમુખ કે કોઈ આગેવાન કાર્યકર પણ જો વડાપ્રધાનની માતાને મદદ કરી ના શકતા હોય તો આ મોદી સરકાર સામાન્ય જનતાને તો ક્યાંથી મદદરૂપ થવાના...

# વાયદાઓ નહીં પણ પ્રજાની સેવા માટે સરકાર મક્કમ છે

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ જણાવ્યું છે કે, ગુજરાતને મોડેલ સ્ટેટ બનાવીને વિકાસ માર્ગે વધુ ઝડપથી આગળ લાવવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી સરકાર વાયદા નહીં પણ નક્કર ઈરાદાઓ સાથે જનજનની સેવાઓ કરી રહી છે. આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી દ્વારા આયોજીત પત્રકાર મિત્રો માટેના નૂતનવર્ષ નિમિત્તે યોજાયેલ સ્નેહમિલન સમારોહમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુંહતુંકે, કેન્દ્ર સરકાર દ્વારા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો પરત ખેંચાતા ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા ગુજરાત સરકારે સઘન આયોજન કર્યુંછે. જેના લીધે પ્રજાજનોને તકલીફ પડતી નથી. આ પરિસ્થિતિમાં મદદરૂપ થવા ખેડુતોને યુરિયા ખાતર માટે કોઈ તકલીફ ન પડે તે માટે સહકારી ખાતર ઉત્પાદન કરતી જીએનએફસી, જીએસએફસી, અને ઈફકો કંપનીઓ પણ ખાતરના વેચાણ કેન્દ્રો પરથી ખાતર ચેક દ્વારા આપશે તે માટે રાજય સરકાર જરૂરી સુચનાઓ આપી છે. આ ઉપરાંત રાજયના માર્કેટ યાર્ડો તથા એપીએમસી દ્વારા પણ ખેત ઉત્પાદનોનું ખરીદ વેચાણ હાલના તબક્કે ચેકથી કરવા માટે ખેડુતો અને વેપારીઓને રાજય સરકાર દ્વારા અનુરોધ કર્યોછે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, જિલ્લા સહકારી બેન્કો પણ ચલણી નોટો બદલી આપવાની કામગીરી ચાલુ રાખે તે માટે રાજય સરકારે કેન્દ્ર સરકારને રજુઆત પણ કરી છે.

# ગાંધીનગરમાં એનએમસી બિલના વિરોધમાં તબીબોનું આવેદનપત્ર

## ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા એનએમસી બીલનો સખત વિરોધ કરાયો : જિલ્લાના ૪૫૦થી વધુ દવાખાના બપોરે ૧૧ થી ૨ બંધ રખાયા : સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે યોજાયેલા દેખાવોમાં જિલ્લાના ૪૮૫ તબીબો ઉપરાંત મેડીકલ સ્ટુડન્ટસ જોડાયા

ગાંધીનગર, તા. ૧૬

ભારત સરકાર દ્વારા એમસીઆઈને વિખેરીને તેના સ્થાને



એન.એમ.સી.ની સ્થાપના કરવા લવાઈ રહેલા નેશનલ મેડીકલ કમીશન બીલને રોકવા દેશભરના તબીબોએ આજે વિરોધ કર્યો હતો. ગાંધીનગરમાં પણ ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા આજે સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે સરકાર વિરોધી દેખાવો યોજવામાં આવ્યા હતા તથા શહેરના ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યુ હતુ જેમાં જિલ્લાના ૪૮૫ થી વધુ તબીબો તથા મેડીકલ સ્ટુડન્ટસ જોડાયા હતા.

ભારત સરકાર મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને વિખેરી નેશનલ મેડીકલ કમીશનની સ્થાપના કરવા માંગે છે. આ એનએમસી પ્રાઈવેટ મેડીકલ કોલેજોને ૬૦ થી ૯૯ ટકા સુધીની એમબીબીએસ તથા પોસ્ટ ગ્રેજ્યુએટની સીટોને મરજી મુજબની ફી સાથે ભરવાની પરવાનગી આપશે. જેના કારણે દેશમાં તબીબી શિક્ષણ ખુબ મોઘું થશે. આથી ગરીબ વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણથી વંચિત રહી જશે તથા તબીબી સેવાઓ પણ સરવાળે મોંઘી થતા ગરીબો પર અસર પડશે. આ ઉપરાંત આ બીલના સિડ્યુલ મુજબ આર્યુવેદિક, હોમિયોપેથીક તથા અન્ય પારંપરિક શાખાઓને પણ એલોપેથીની પ્રેકટીશ કરવાની છુટ મળશે જે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા સમાન છે. ગાંધીનગરના ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા એનએમસી બીલનો આજે સખત વિરોધ નોંધાવતા સિવિલ હોસ્પિટલ સંકુલમાં દેખાવો યોજ્યા હતા. આ દેખાવોમાં જિલ્લાના ૪૮૫ તબીબો જોડાયા હતા તથા મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ પણ સામેલ થયાં હતા. આ પ્રસંગે જિલ્લાના ૪૫૦થી વધુ દવાખાના બપોરના ૧૧ થી ૨ વાગ્યા દરમ્યાન બંધ રખાયા હતા. દેખાવોના અંતે ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા કલેક્ટરની ગેરહાજરી હોવાથી જિલ્લા પુરવઠા અધિકારી નિશા શર્માને આવેદનપત્ર આપ્યું હતું.

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના આવેદનપત્રમાં એનએમસી બીલને અટકાવવાની માંગ સાથે ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલ એક્ટમાં જરૂરી સુધારાઓ કરવા, કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ હેઠળ વળતરમાં ટોચ મર્યાદા બાંધવી, લાયસન્સ રાજ ખતમ કરી સીંગલ ડૉકટર ક્લિનીકને ક્લિનિક એસ્ટાબ્લીશમેન્ટ એક્ટમાંથી બાદ કરવા સુધારો કરવો, પીસી અને પી.એન.ડી.ટી.એક્ટમાં તાત્કાલિક સુધારો કરી લિંગ પરીક્ષણ તથા ભ્રુણ હત્યા માટે જવાબદારો સામે ઉગ્ર પગલા ભરવા, સેન્ટ્રલ હોસ્પિટલ પ્રોટેક્શન એક્ટ લાવી તબીબો પર થતા હુમલા અટકાવવા, એલોપેથિક મેડીશન અને આર્યુવેદિક, હોમિયોપેથીક તથા બીજા પારંપરિક શાખાના તબીબોને એક સમાન ગણવા સાથે શીડ્યુલ દવાઓ માત્ર એલોપેથીક ડૉક્ટર જ પ્રિસ્ક્રાઈબ કરી શકે તેવી વ્યવસ્થા કરવા, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના બાયો-મેડીકલ કચરાના નિકાલ તેમજ હોસ્પિટલમાં પાણીની ટ્રીટમેન્ટ અંગે હાલમાં થયેલ કાયદામાં સુધારા કરવા માંગ કરાઈ છે.

> ‘‘એનએમસી બીલથી આર્યુવેદિક, હોમિયોપેથીક તથા અન્ય પારંપરિક શાખાના ડૉક્ટરોને એલોપેથીની પ્રેક્ટીસ કરવાની છુટ આપવી તથા એલોપેથીની દવાઓ પ્રિસ્ક્રાઈબ કરવા દેવાથી દર્દીઓના સ્વાસ્થ્ય પ્રત્યે ગંભીર ખતરો ઉભો થશે. આ બિલથી તબીબી શિક્ષણ પણ ખૂબ મોંઘુ થશે જે સરવાળે તબીબી સેવાઓ મોંઘી બનાવશે. આ કાયદામાં સૂચિત દરખાસ્તો અંગે ફેર વિચારણા કરવી અત્યંત આવશ્યક છે.’’
>
> **- ડો. અનિલ ચૌહાણ,**
> પ્રમુખ, ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, ગાંધીનગર

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાના ચાર ઉમેદવારો બિનહરીફ

ગાંધીનગર, તા. ૧૬

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજરોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપાના ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. બનાસકાંઠા જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં માલગઢ બેઠક પરથી મંજુબેન ખેતાજી પરમાર, રાજકોટ જિલ્લાની ગોંડલ તાલુકા પંચાયતની મધ્યસ્થ ચૂંટણીમાં ત્રાકુડા બેઠક પરથી પ્રફુલભાઈ ટોળીયા અને સેમડા બેઠક પરથી સિદ્ધરાજસિંહ જાડેજા બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. જયારે ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર નગરપાલિકાના વોર્ડ નં. ૯માંથી અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ બારડ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ બિનહરીફ ચૂંટાયેલા ચારેય ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે.

## જાહેર નિવિદા

સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rantal Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગની વેબસાઈટ http://planning.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે. તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

૨. આ અંગેના ભાવ પત્રકો તા. ૨૩/૧૧/૨૦૧૬ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૨૪/૧૧/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

એસ. સી. દવે
સેક્શન અધિકારી / ય-૨ શાખા
સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ
બ્લોક નં. ૭, ૪થો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

માહિતી/૨૦૦૮/૧૬-૧૭